| | | |
|---|---|---|
| | પોલીસ અધિક્ષકશ્રીની કચેરી ભરૂચ.<br>એલ.આઇ.બી. શાખા<br>ફોન નંબર : ૦૨૬૪૨ ૨૨૩૩૫૦<br>ઇ-મેઇલ : lib-sp-bha@gujarat.gov.in | |

નંબર : LIB/MMS/ગ્રીન/વિકલી/ /૨૦૨૨,
તારીખ : ૧૯/૦૬/૨૦૨૨.

**વિષય : તારીખ : ૧૩/૦૬/૨૦૨૨ થી તારીખ : ૧૯/૦૬/૨૦૨૨ સુધીના ગ્રીન કેટેગરીના પેપર કટીંગની માહિતી મોકલવા બાબત.**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનુ કે, તારીખ : ૧૩/૦૬/૨૦૨૨ થી તારીખ : ૧૯/૦૬/૨૦૨૨ સુધીમાં જુદા-જુદા ન્યુઝપેપરમાં આવેલ ગ્રીન કેટેગરીના સારી કામગીરીના પેપર કટીંગની માહિતી તૈયાર કરી આ સાથે પેટામાં સામેલ રાખી મોકલી આપેલ છે. જે આપશ્રીને વિદિત થાય.

(બી.એન.સગર)
પોલીસ ઇન્સપેકટર
એલ.આઇ.બી., ભરૂચ

સ.સા. રવાના ;
કોમ્પ્યુટર શાખા તરફ

**DATE: 13/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ઝઘડિયા તાલુકામાં બે સ્થળો પોલીસના દરોડા

# નાના અણધરા અને ખરચીમાં આંકડાનો જુગાર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

નાના અણધરા ગામે ખુલ્લી જગ્યામાં એક ઝુંપડીમાં ગેરકાયદેસર આંક ફરકનો સટ્ટાબેટિંગનો આંકડાનો જુગાર રમાડાય છે. પોલીસે બાતમી મુજબના સ્થળે જઈને છાપો મારતા ત્યાં દરિયા ગામનો વિક્રમ વસાવા નાના અણધરા ગામે આંક ફરકના સટ્ટાબેટિંગના આંકડાનો જુગાર રમાડતો જણાયો હતો. પોલીસે આ ઈસમ પાસેથી આંકડા લખેલ નોટબુક કબજે લીધી હતી. આ અંગે વિક્રમ વસાવા રહે.દરિયા, તા.ઝઘડિયા, જી.ભરૂચના વિરુધ્ધ ગુનો નોંધાયો હતો. જ્યારે ખરચી ગામે પત્તાપાનાનો હારજીતનો જુગાર રમતા ત્રણ જુગારીયાને પોલીસે ઝડપી લીધા હતા. વિગતો મુજબ ઝઘડિયા પોલીસને મળેલ બાતમી મુજબ પોલીસે ખરચી ગામે છાપો મારતા ગામના તળાવ ફળિયામાં જુગાર ચાલતો હોવાનું જણાયું હતું. પોલીસે ઘટના સ્થળેથી અંકિત સુરેશ વસાવા, અવિનાશ દિનેશ વસાવા તેમજ વિક્રમ શાણજી વસાવા ત્રણેય રહે. ગામ ખરચી, તળાળ ફળિયું,, તા. ઝઘડિયાનાને રૂ. 1500ના મુદામાલ સાથે ઝડપી લીધા હતા.

# ભરૂચના ભાલિયાવાડમાં ભોંયરામાં સંતાડાયેલો દેશી દારૂ ઝડપાયો

ભરૂચ: ભરૂચમાં ગટરના દેખાવવાળો મોટો કૂંડ કહો અથવા એક ભોંયરા જેવું બનાવી તેમાં છુપાવાયેલો અઢળક દારૂ એ-ડિવિઝને ઝડપી લીધો હતો.

ભરૂચ શહેર-જિલ્લામાં દેશી દારૂનું ધૂમ વેચાણ થતું હોવાની અનેક ફરિયાદો સામે આવતી હોય છે. ત્યારે ભરૂચ શહેરના દાંડિયા બજારના ભાલિયાવાડ વિસ્તારમાં દેશી દારૂનું વેચાણ બુટલેગર કરતો હોવાની બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. બુટલેગરે જમીનમાં ભોંયરું બનાવી મોટા પ્રમાણમાં દેશી દારૂનો જથ્થો સંતાડ્યો હોવાનો પર્દાફાશ થયો છે. પોલીસે મોટા પ્રમાણમાં દેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો છે. ભરૂચ શહેરના ભાલિયાવાડ વિસ્તારમાં દેશી દારૂનું ધૂમ વેચાણ થતું હોવાની બાતમી સ્થાનિક પોલીસને મળી હતી. જેના પગલે પોલીસે ઘરમાં દેશી દારૂનું વેચાણ ચાલતું હોવાનું ઝડપી પાડ્યું હતું.

પોલીસે કડક પૂછપરછ કરતાં વિસ્તારમાં જમીનમાં ભોંયરું બનાવી તથા શક ન જાય એ માટે ઉપર ગટર જેવી કૂંડી બનાવી તેમાં મોટા પ્રમાણમાં દેશી દારૂનો જથ્થો સંતાડ્યો હોવાનો પર્દાફાશ થયો હતો. બુટલેગરના ઘર નજીક બનાવેલી કૂંડી ખોલતાં તેમાંથી દેશી દારૂની એક બાદ એક મોટી માત્રામાં બનાવેલી થેલીઓ મળી આવી હતી. આજુબાજુ તપાસ કરતાં બુટલેગર મળી આવ્યો ન હતો.

**DATE: 14/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–02**

# ઉમલ્લા પોલીસ દ્વારા વાહનચાલકોને ટ્રાફિકના નિયમોની જાણકારી આપતા પેમ્પલેટનું વિતરણ કરવામાં આવ્યું



**ઝઘડિયા |** ઝઘડિયા તાલુકાના ઉમલ્લા પોલીસ સ્ટેશન દ્વારા મુખ્ય ધોરીમાર્ગ પરથી પસાર થતા વાહનચાલકોને ટ્રાફિકના નિયમોની સમજણ આપતા કાગળ વહેંચવામાં આવ્યા હતા. ઉમલ્લા પીએસઆઇ વૈશાલીબેન ઠુમ્મર તેમજ પોલીસ જવાનો દ્વારા આજરોજ ઉમલ્લા ચાર રસ્તા પર ઉભા રહીને જતા આવતા વાહનચાલકોને રોકીને જરુરી નિયમો સહિત સલામતી રાખવા સંબંધી જાણકારી આપતા કાગળ વહેંચાયા હતા. ગતી મર્યાદાનો ખ્યાલ રાખીને સલામત રીતે વાહન ચલાવવું, નશો કરીને વાહન ચલાવવું નહી, હેલ્મેટ પહેરવો, વાહન ચલાવતી વખતે મોબાઈલનો ઉપયોગ નહી કરવો, શાળાએ જતા બાળકોને ખીચોખીચ ભરીને લઈ જતા વાહનોનો ઉપયોગ ટાળવો, દ્વીચકી વાહન પર બેજ વ્યક્તિઓએ મુસાફરી કરવી જેવી વિવિધ બાબતો દર્શાવતા કાગળ વહેંચીને ઉમલ્લા પોલીસ દ્વારા ચાર રસ્તા પરથી જતા આવતા વાહનચાલકો સલામતી જાળવવામાં ઉપયોગી નિયમોની જાણકારી મેળવે તે હેતુથી આ સરાહનીય કામગીરી કરવામાં આવી હતી.

**DATE: 15/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### જિલ્લા ટ્રાફિક સ્કવોડની ટીમે વિવિધ વિસ્તારોમાં કાર્યવાહી કરી

# ભરૂચમાં પોલીસની ટ્રાફિક ડ્રાઈવ વાહનો અને લારીવાળાઓ દંડાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ



ભરૂચ શહેરમાં પોતાના વાહનો ગમે ત્યાં પાર્ક કરીને જતાં રહેતાં લોકો પર પોલીસે તવાઈ બોલાવી છે. આડેધડ પાર્ક કરેલાં વાહનોના માલિકોને દંડ ફટકારવામાં આવ્યો છે. વાહનોની સાથે સાથે લારીધારકો સામે પણ પોલીસ કાર્યવાહી કરી રહી છે. દિવસેને દિવસે ટ્રાફિક સમસ્યા વધતી જાય છે.જેના કારણે લોકોને પડતી તકલીફોને ધ્યાનમાં રાખી એસપી ડૉ. લીના પાટીલે દરેક પોલીસ સ્ટેશનોમાં તથા ટ્રાફિક વિભાગને સુચના આપી યોગ્ય કાર્યવાહી માટે આદેશ કર્યો છે. જે સંદર્ભમાં જિલ્લા ટ્રાફિક સ્કોડ પીઆઈ એમ.વી.તડવી તથા પીએસઆઈ એલ.એ.પરમાર તથા સ્ટાફના માણસોએ શહેર અને જિલ્લામાં અલગ-અલગ વિસ્તારોમાં ચાલતા ફરીને વાહન ચેકિંગ અને દંડનીય કાર્યવાહી કરી રહયાં છે.

પાંચબત્તીથી સ્ટેશન સર્કલ, કસકથી ઝાડેશ્વર ચોકડી,શ્રવણ ચોકડીથી શક્તિનાથ અને બાયપાસથી મહંમદપુરા, નર્મદા ચોકડી, એબીસી સર્કલ સહીત શહેર અને જિલ્લાના વિવિધ વિસ્તારોમાં એક સપ્તાહથી કામગીરી ચાલી રહી છે. આડેધડ વાહનો પર્કિંગ કરતા ઈસમો અને રોડ પર લારીઓ મૂકી દેતા લારી ધારકોનેપ્રથમ ટ્રાફિકને અડચણરૂપ વાહનો અને લારીઓ નહિ મુકવા અંગે સમજાવી ટ્રાફિકના નિયમોનું પાલન કરવાની સમજણ આપી હતી.ત્યાર બાદ પણ ટ્રાફિકના નિયમોનું પાલન નહિ કરનારા સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી રહી છે.

આ ઉપરાંત હેલ્મેટ વગર, સીટ બેલ્ટ નહીં પહેનારા અને કાળા ગ્લાસ વાળી ગાડીઓના ચાલકો પાસેથી દંડની વસુલાત કરી છે.

**DATE: 15/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## શહેર પોલીસે 43 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

# પીરામણ ગામમાંથી જુગાર રમતાં પાંચ ખેલી ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વર તાલુકા ના પીરામણ ગામના તળાવ ફળીયા માં જુગાર રમતા પાંચ જુગારીયાઓ ને શહેર પોલીસે ઝડપી પાડી એક મોટરસાયકલ ,મોબાઈલ અને રોકડ રકમ મળી રૂપિયા 43 હજાર 600 નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ સૂત્રીય માહિતી મુજબ અંકલેશ્વર શહેર પોલીસ ને પીરામણ ગામના તળાવ ફળીયા માં જુગાર રમાય રહ્યો હોવાની મળેલી માહિતી ના આધારે રેડ કરતા જુગાર રમતા સમીર અબ્દુલ હમિદ શેખ ,ઈર્શાદ ઈસ્માઈલ સૈયદ ,મોહમ્મદ શેરખાન પઠાણ ,રાહુલ સુરેશ વસાવા અને જાફરહુશેન પીર સૈયદ ને ઝડપી લીધા હતા શહેર પોલીસે સ્થળ ઉપરથી રોકડા રૂપિયા 4100, અને 9500 તેમજ 30 હજારની મોટરસાયકલ મળી કુલ રૂપિયા 43 હજાર 600 નો મુદ્દામાલ કબ્જે કરી ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે

**DATE: 17/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–11**

# અંકલેશ્વરના રહેણાક વિસ્તારમાંથી કુટણખાનું ઝડપાયું, છ જણાની અટકાયત

ભરૂચ, અંકલેશ્વર: અંકલેશ્વર શહેર પોલીસે આંબોલી રોડ ઉપર આવેલા સરસ્વતી પાર્કમાંથી સેક્સ રેકેટનો પર્દાફાશ કર્યો છે. બાતમીના આધારે રેડ કરીને પોલીસે એક ગ્રાહક અને દલાલ સાથે ચાર યુવતીઓને ઝડપી પાડી હતી. અંકલેશ્વરના આંબોલી રોડ ઇદગાહ પાસે આવેલ સરસ્વતી પાર્ક સ્થિત મકાન નંબર-૧માં કુટણખાનું ચાલતું હોવાની બાતમી શહેર પોલીસમથકના પી.એસ.આઇ. એ.એસ.ચૌહાણને મળી હતી. તેઓ વિભાગીય પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ ૬ પોલીસ જવાનને રેડ માટે તૈયાર કર્યા હતા. બાતમીવાળા મકાનમાં રેડ કરતાં મકાનના પહેલા રૂમમાંથી મૂળ વિસનગર અને હાલ અંકલેશ્વરના સરસ્વતી પાર્કમાં રહેતો પ્રકાશ રઘુનાથ પટેલ મળી આવ્યો હતો. જ્યારે મકાનના રૂમોમાંથી કઢંગી હાલતમાં એક યુવાન સાથે યુવતી મળી આવી હતી. તો અન્ય રૂમમાંથી ત્રણ યુવતી મળી આવી હતી. પોલીસે સેક્સ રેકેટનો પર્દાફાશ કરી પ્રકાશ પટેલ અને ગ્રાહક જિગ્નેશ ચંદુ પટેલની અટકાયત કરી હતી. બંનેની અંગજડતીમાંથી રોકડા અને ૩ હજાર બે મોબાઇલ ફોન મળી કુલ રૂ.૯ હજારથી વધુનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી હતી.

**DATE: 17/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–10**

# મનુબર ગામે ઘરફોડ ચોરીમાં સંડોવાયેલા ૪ આરોપી ઝડપાયા

| ભરૂચ |

ભરૂચ તાલુકાના મનુબર ગામ ખાતે બીરમ કોલોનીમાં એક મહિના અગાઉ બંધ મકાનમાં સાડા ત્રણ લાખથી વધુની મતાની ઘરફોડ ચોરી થઈ હતી.

આ અંગે એલસીબી પોલીસે ટેકનીકલ સર્વેલન્સ અને મળેલ બાતમીના આધારે તપાસ કરતા ચાર આરોપી ઝડપાયા હતા. ચોરીમાં રોકડા રૂપીયા તથા સોનાના દાગીનાનો સમાવેશ થતો હતો. આ સોનાના દાગીના ભરૂચ રોશન પાર્ક સોસાયટીમાં આવેલ મદની જ્વેલર્સમાં વેચાણ કરતે જ્વેલર્શને પોલીસે ઝડપી પાડયો હતો. આ આરોપીઓમાં સઈદ મુસ્તાક માંજરા, રહે.મનુબર, ઉવેશ જાબીર ઈસ્માઈલ કારીગર, બીરમ કોલોની, મનુબર, ફેજલ ઉર્ફે કાલુ યુનુસ પટેલ, રહે.દાદાપીર દરગાહ પાસે, મનુબર, અજામની જેમોતઅલી, રહે.સરવર પાર્ક સોસાયટી, ભરૂચની પોલીસે અટક કરી હતી. પોલીસે ૪ મોબાઈલ કિંમત રૂા. ૩૦,૦૦૦ મળી કુલ રૂા. ૬૩૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

**DATE: 17/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### હાઈસ્કૂલની દીવાલ પાસે જુગાર રમાતો હતો

# ટંકારિયા ગામે જાહેરમાં જુગાર રમતાં 4 ઝડપાયાં, ચાર ફરાર

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકાના ટંકારિયા ગામે પાણીની ટાંકી સામે હાઈસ્કૂલની દિવાલ પાસે જાહેરમાં જુગાર રમતાં જુગારિયાઓને ઝડપી પાડવા પાલેજ પોલીસે દરડો પાડ્યો હતો. જોકે, ચાર જુગારિયા ઝડપાઇ ગયાં હતાં. જ્યારે 4 જણા નાસી ગયાં હતાં. પોલીસે જુગારિયાઓ પાસેથી રોકડા 14 હજાર ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરી તમામ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ટંકારિયા ગામે આવેલી પાણીની ટાંકી સામે હાઈસ્કૂલની દિવાલને અડીને કેટલાંક શખ્સોએ જુગારની મહેફિલ જમાવી છે. જેના પગલે પોલીસની ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. જોકે, ટીમે જુગાર રમતાં મકસુદ અહેમદ પટેલ, મોસિન અનાયત લાલન, અબ્દુલ દાઉદ બસેરી તેમજ બાબુ મુસા ખાંધીયા નામના ચાર શખ્સોને ઝડપી પાડ્યાં હતાં. હતાં. જ્યારે પોલીસને ચકમો આપીને હનિફ ઉર્ફે બાપુ મજીદ ઉમટા, જગદિશ નગીન વાળંદ, ફૈઝલ ઉર્ફે ટપ્પુ ઈનાયત બાબરિયા તેમજ શબ્બીર ઈસ્માઈલ બાબરિયા ઘટના સ્થળેથી નાસી છુટ્યાં હતાં. પોલીસે ઝડપાયેલાં આરોપીઓ પાસેથી રોકડા રૂપિયા 14 સહિતનો મુદ્દામાલ જપ્ત કરી તમામ વિરૂદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 18/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–06**

# અંકલેશ્વરની સગીરાનું અપહરણ કરનારો ઝડપાયો



સુરત: અંકલેશ્વર શહેરમાં ત્રણ દિવસ પહેલાં સગીરાનું અપહરણ કરી નાસતા ફરતા ગુનેગારને ભરૂચ એલસીબી પોલીસે ઝડપી પાડ્યો હતો. ભરૂચ LCB પોલીસને પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે, તા.૧૪ જૂને અંકલેશ્વર શહેરની એક સગીરાનું અપહરણ કરી નાસતો ફરતો આરોપી અંકલેશ્વર માંડવા સીમમાં આવેલ ટોલનાકા ખાતે રહે છે. ભરૂચ LCB પોલીસે ને.હા.નં-૪૮ ઉપર આવેલ ટોલપ્લાઝા ખાતે જઈ તપાસ કરતાં આરોપી દિલીપ પ્રવીણ વસાવા (ઉં.વ.૪૮) (રહે., ડંકી, વગામાં, માંડવા, તા.અંકલેશ્વર) તેમજ સગીરાને ઝડપી પાડી હતી. અપહરણ થયેલી સગીરાને મુક્ત કરવામાં આવી હતી. પકડાયેલો આરોપીને વધુ તપાસ માટે અંકલેશ્વર શહેર પોલીસને સોંપવામાં આવ્યો હતો.

**DATE: 18/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–06**

# સુરતથી ગાંજો લાવી અંકલેશ્વરમાં વેચતો શખ્સ ૧૦ કિલો ગાંજા સાથે પકડાયો




ભરૂચ, અંકલેશ્વર : અંકલેશ્વરના ગુજરાત હાઉસિંગ બોર્ડના ભાટવાડ વિસ્તારમાં આવેલા જુનેદ કોમ્પ્લેક્ષમાં રહેતો મોહંમદ સોયેબ અબ્દુલ ગની શેખ પોતાના મકાનમાં ગાંજાનું વેચાણ કરે છે, એવી બાતમી મળતાં ભરૂચ એસ.ઓ.જી. પોલીસે બાતમીના આધારે દરોડા પાડ્યા હતા. પોલીસને ઘરના સોફાસેટના ખૂણામાંથી સેલોટેપ વીંટાળેલા બે પેકેટોમાંથી ૧૦.૧૪૬ કિલોગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. જેથી પોલીસે કુલ ૧ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી નશીલા પદાર્થના સોદાગર મોહંમદ સોયેબ અબ્દુલ ગની શેખને ઝડપી પાડ્યો હતો. તેની પુછપરછ કરતા તેણે સુરતના અશ્વિનીકુમાર ઝુપડપટ્ટીમાંથી લાવ્યો હોવાનું જણાવ્યું હતું. પોલીસે નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ મુજબનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 18/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## ટ્રાફિક પોલીસે ચેકિંગમાં દંડનીય કાર્યવાહી કરી

# અંકલેશ્વરમાં વાહન પરના અનધિકૃત લખાણ દૂર કરાયા



ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરની પ્રતિન ચોકડી પાસે ટ્રાફિક પોલીસે વાહન પર લખાણ દૂર કરવાની ડ્રાઈવ યોજી હતી. ટ્રાફિક પોલીસે વાહન પર અનધિકૃત લખાણ દૂર કરી દંડનીય કાર્યવાહી કરી હતી. જિલ્લા ટ્રાફિક દ્વારા સતત ટ્રાફિક ડ્રાઈવ યોજી સરપ્રાઈઝ ચેકિંગ કરાય રહ્યું છે.

ભરૂચ જિલ્લા પોલીસ વડા ડો.લીનાબેન પાટીલ ના માર્ગદર્શન અને સૂચના મુજબ જિલ્લા માં ટ્રાફિક પોલીસ દ્વારા વાહન ઉપર અનધિકૃત લખાણ ધરાવતા વાહનો નું ચેકીંગ હાથ ધરી તેને દૂર કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ત્યારે અંકલેશ્વર ટ્રાફિક શાખા ના પીએસઆઇ જે.પી ચૌહાણે સ્ટાફ સાથે અંકલેશ્વર ની પ્રતિન ચોકડી પાસે વાહન ચેકીંગ હાથ ધર્યું હતું જેમાં વાહનો ઉપર પ્રેસ, એડવોકેટ, પોલીસ, સરપંચ સહીત ના વિવિધ લખાણો ધરાવતા વાહન ચાલકો ને ઝડપી લઈ લખાણો ને દૂર કર્યાં હતા અને દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી.

**DATE: 19/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–05**

# જેસપોરથી ગુમ બાર વર્ષની બાળા મળી આવી

ઝઘડિયા: ઝઘડિયાના જેસપોર ગામેથી બાર વર્ષની બાળા અગાઉ ગુમ થઇ હતી. દરમિયાન એલસીબીની ટીમને ઝઘડિયા વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે આ ગુમ થયેલી બાળા હાલ જેસપોર ગામના જ મંદિર ફળિયામાં હાજર છે. ત્યારે પોલીસે સ્થળ પર જઇ તપાસ કરતાં આ બાળા ત્યાં મળી આવી હતી. ભરૂચ એલસીબી પોલીસે આ બાળાને વધુ કાર્યવાહી માટે ઝઘડિયા પોલીસમથકે સોંપી હતી.

**DATE: 19/06/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–05**

# અંકલેશ્વરની બેઇલ કંપનીમાં કોપર ચોરીની ઘટનામાં 5 શખ્સ ઝડપાયા

**જીઆઇડીસી** પોલીસે ગણતરીના કલાકોમાં કંપનીના 2 સિક્યુરિટી ગાર્ડ સહિત 5ની અટકાયત કરી

અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઇડીસીમાં આવેલી બેઇલ કંપનીમાં થયેલી કોપર ચોરીમાં જીઆઇડીસી પોલીસે ગણતરીના કલાકોમાં કંપનીના 2 સિક્યુરિટી ગાર્ડ અને એક ભંગારિયા સહિત 5 શખ્સની ધરપકડ કરી કોપરના જથ્થાને રિકવર કરવાની તજવીજ હાથ ધરી છે.

અંકલેશ્વર જીઆઇડીસીમાં આવેલી બેઇલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ કંપનીમાં બે શખ્સ કંપનીના ઈ વેસ્ટ પ્લાન્ટમાંથી પ્રવેશ્યા હતા અને ઈ-વેસ્ટ પ્લાન્ટ નજીક ડ્રમમાં મૂકેલી કોપર કોઇલ તથા કોપર બાર અંદાજિત 86 કિલો વજનનો જથ્થો ચોરી કરી ફરાર થઇ ગયા હતા. આ ઘટના સીસીટીવીમાં કેદ થઇ હતી. કંપનીના એચ.આર. મેનેજર આશિષ ગુર્જરે જીઆઇડીસી પોલીસમથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે 60 હજારની કિંમતના 86 કિલો કોપરની ચોરીનો ગુનો નોંધી જીઆઇડીસી પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે બે તસ્કરને ઝડપી પાડવાની કવાયત શરૂ કરી કંપનીના 2 સિક્યુરિટી ગાર્ડની પણ ઊલટતપાસ શરૂ કરતાં બંને સિક્યુરિટી ગાર્ડ ભાંગી પડ્યા હતા અને તેઓ અન્ય 2 શખ્સ સાથે મળી ચોરીને અંજામ આપ્યો હતો અને કોપરનો જથ્થો ભંગારિયાને વેચી માર્યો હોવાની કબૂલાત કરી હતી.

જેના આધારે જીઆઇડીસી પોલીસે અંકલેશ્વરના સારંગપુરના વિકાસ ચુનાલાલ કુશવાહા, લક્ષ્મણનગરના રાહુલકુમાર ગોપાલ શર્મા, મીરાનગરના રાહુલસીંગ